ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૩૫ ટકા

# શહેરમાં પ્લાસ્ટ ઈન્ડિયાને પગલે ધમધમાટ

ગાંધીનગર, તા.૨

પ્લાસ્ટ ઈન્ડીયા-૨૦૧૮ને પગલે શહેરમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. પ્લાસ્ટ ઈન્ડીયાના એકઝીબીશનને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સેકટર-૧૭ સ્થિત વિવિધ ડોમ એકઝીબીશન માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ પ્લાસ્ટ ઈન્ડીયાને નિહાળવા માટે લાખો નાગરીકો શહેરના મહેમાન બનવાના છે. ત્યારે અત્યારથી જ સેકટર-૧૭ ખાતે લારી-ગલ્લા ધારકો વેપારઅર્થે ગોઠવાઈ ગયા છે. ચા-પાણી, નાસ્તો, દાબેલી-વડાપાઉં, પરોઠા-શાક, પાન-મસાલા સહિતની લારીઓએ અડીંગો જમાવી દીધો છે. ત્યારે મોડીરાત સુધી કારીગરો કામ કરતા હોવાથી રાત્રીના સમયે પણ સેકટરમાં અનેરો માહોલ જોવા મળી રહ્યો છે. જયારે સેકટરોના આંતરીક માર્ગો પર હાલ ટ્રકોની લાંબી કતારો જોવા મળી રહી છે. જયારે શહેરના વિવિધ સ્થળો પર પાર્કીંગ પેલેસ પણ તૈયાર થઈ ગયા છે.



પ્લાસ્ટ ઈન્ડીયાની બહાર સુંદર નાના -નાના ડોમ તૈયાર કરી દેવામાં આવ્યા છે. અંદર આવેલા ડોમમાં પણ કામગીરી પુરજોશમાં ચાલી રહી છે જેથી કોઈ પણ સામાન્ય નાગરીકને પુછપરછ કરવી હોય તો તે હેલ્પ ડેસ્ક સિવાય અન્ય ડેસ્ક પર માહિતી મેળવી શકે છે. તો બીજીતરફ પ્લાસ્ટ ઈન્ડીયાને પગલે શહેરમાં દેશભરમાંથી મોંઘેરા મહેમાનો પધારશે ત્યારે પ્લાસ્ટ ઈન્ડીયામાં નાના કારીગરથી લઈને મોટા વેપારીઓ પણ હાજર રહેવાના હોવાથી શહેરના ગેસ્ટ હાઉસ પર હાઉસ ફુલના બોર્ડ લાગી ગયા છે. શહેરના ઘ-૪ થી ઘ-૫ સુધીના તમામ હોટલ અને ગેસ્ટ હાઉસ આગામી ૧૦ તારીખ સુધી બુક થઈ ગયા છે. એક તરફ શહેરમાં લગ્નસરાની મૌસમ ખીલી ઉઠી છે તો બીજી તરફ પ્લાસ્ટ ઈન્ડીયાને પગલે હોટલ-ગેસ્ટ હાઉસવાળાઓને બખ્ખા થઈ ગયા છે. જયારે સેકટર-૧૭, સે-૧૧ સહિત પ્લાસ્ટ ઈન્ડીયાને પગલે શહેરમાં ધમધમાટ વધી જવા પામ્યો છે. જયારે સે-૧૭ થી જિલ્લા પંચાયત તરફનો માર્ગ આખી રાત ધમધમતો જોવા મળી રહ્યો છે.

## વાતવાતમાં

● ગુર્જર ભારતી ગાંધીનગર દ્વારા હિન્દી-ગુજરાતી કવિઓની કાવ્ય ગોષ્ઠી સાંજે ૪ કલાકે ઉમા આર્ટસ મહિલા કોલેજ કડી કેમ્પસ, સે-૨૩ ખાતે યોજાશે.

● શ્રી ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ રાત્રે ૮ કલાકે ગ્રીનસીટી, સે-૨૬ ખાતે કૌશિકભાઈના નિવાસસ્થાને યોજાશે.

# સે-૨૮ જીઆઈડીસીમાં ફરી પોલિસનો દરોડો : દારૂ પકડાયો

## પ્લોટની ઓરડીમાં રાત્રે ૧ વાગ દરોડો પાડી વિદેશી દારૂની ૧૦ બોટલ સાથે પોલિસે એક શખ્સને પકડી લીધો

ગાંધીનગર, તા.૨

શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે તાજેતરમાં એલસીબીની ટીમે દરોડો પાડી બંધ ફેકટરીમાંથી મસમોટો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડયો હતો. સે-૨૮ જીઆઈડીસીમાં ફરી પોલિસે દરોડો પાડી વિદેશી દારૂ સાથે એક શખ્સને પકડી પાડયો છે. ગઈ રાત્રે ૧ વાગે સે-૨૧ પોલિસે દરોડો પાડી પ્લોટની ઓરડીમાંથી ૧૦ બોટલ સાથે એક શખ્સને પકડી પાડી કડક કાર્યવાહી હાથ ધરી છે. સે-૨૧ પોલિસે ગુનાની બારીકાઈથી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૨૧ પોલિસને ગઈ રાત્રે બાતમી મળી હતી કે સે-૨૮ જીઆઈડીસી ખાતે પ્લોટ નં. ૭૧૪માં વિદેશી દારૂની બોટલો છે. આ બાતમી આધારે સે-૨૧ પોલિસની ટીમે રાત્રે ૧ વાગ્યે સે-૨૮ જીઆઈડીસીમાં બાતમીવાળા પ્લોટ ખાતે દરોડો પાડી સર્ચ કરતા પ્લોટની ઓરડીમાંથી ૧૦ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલિસે રૂ. ૫ હજારની કિંમતની ૧૦ બોટલ સાથે ત્યાંના એક શખ્સ રામબાબુ રામસ્વરૂપ રાજપુતને દબોચી લઈ તેની સામે ગુનો દાખલ કરી મુદ્દામાલ જપ્ત કરી લીધો છે. પોલિસે ગુનો દાખલ કરીને બોટલ કોણ લાવ્યું હતું? પ્લોટ કોનો છે? બોટલોનો વેપલો થથો હતો કે કેમ? તે સહિતની પુછપરછ હાથ ધરી છે.

### સંત સરોવર પાસે બુલેટ લઈને ફરતા બે પીધેલા પકડાયા

ઈન્ફોસીટી પોલિસ ગઈ મોડી સાંજે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સરિતા ઉદ્યાનની પાછળ સંત સરોવર પાસે બુલેટ લઈને ફરી રહેલા બે પીધેલા યુવાનોને પકડી પાડયા હતા. અમદાવાદના પરેશ બાબુ ઠાકોર અને પ્રેમકુમાર દિનેશ રાઠોડ મળીને બે શખ્સોની નશામાં ચુર હાલતમાં ધરપકડ કરી લઈ ઈન્ફોસીટી પોલિસે જીજે ૦૧ એસ.ઝેડ ૭૮૭૨ નંબરનું બુલેટ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજને એવોર્ડ




ગુજરાત સરકાર દ્વારા અમદાવાદના યુનિવર્સિટી કન્વેન્શન હૉલ ખાતે 'ગ્રાન્ડ એજયુકેશન ફેર-૨૦૧૮'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ એજયુકેશન ફેરના ઉદઘાટન પ્રસંગે નેશનલ એસેસમેન્ટ એન્ડએક્રિડેશન કાઉન્સિલ-એનએએસી એવોર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગરની સેકટર-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજને 'એકસેલન્સ ઈન એનએએસી ફોર બેટરમેન્ટ ઑફ એજયુકેશન, સોસાયટી એન્ડ નેશન' એવાર્ડ નોન-ટેકનિકલ સરકારી કોલેજની કેટેગરીમાં પ્રાપ્ત થયો છે. આ એવોર્ડ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તેથી સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાયાએ સ્વિકાર્યો હતો. આ પ્રસંગે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસણા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## @ગાંધીનગર

● ગાંધીનગર-અમદાવાદ શહેરી સેવાની એસ.ટી. બસ સર્વિસ વારંવાર બસ ખોટકાવાના કારણે અપડાઉન કરતા વિદ્યાર્થીઓ, નોકરિયાતો તેમજ અન્ય વ્યવસાયિકો સહિતના મુસાફર પરેશાનીનો ભોગ બની રહ્યા છે. ગુરુવાર અને શુક્રવાર એમ સતત બે દિવસ સરખેજ રૂટ પરની બસ ખોટકાવાની ઘટનાઓ સાથે છેલ્લા એક જ માસમાં આશરે સાતથી વધુ બસ ખોટકાવાના બનાવો બનતા મુસાફરોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

● ગાંધીનગરના સે-૩૦ સર્કલ પાસેના વનચેતના કેન્દ્ર ખાતે શુક્રવારે સાંજે લગ્ન કરી પરત ફરેલા વરરાજા વધુ સાથેની શણગારેલી કાર સહિત આખેઆખી જાન ઉતરી પડતા ત્યાંથી પસાર થઈ રહેલા વાહનચાલકોને આશ્ચર્ય થયું હતું. વનચેતના કેન્દ્ર ખાતે જાનને આપેલા ઉતારા તથા તેમના સાંજના જમણવારના આયોજનને પગલે આ દૃશ્યો જોવા મળ્યા હતા.

● 'પ્લાસ્ટ ઈન્ડિયા'ને પગલે શહેરના ચ-રોડ તથા સેકટર-૧૧નો મેદાની વિસ્તાર તથા આંતરિક માર્ગો વિશાળકાય મશીનો સાથેના કન્ટેનર્સ તેમજ ઓવરલોડ ભરેલ ટ્રકોથી ઉભરાઈ રહ્યા છે અને ટ્રાફિક જામ પણ કરી રહ્યા છે.

# સિવિલ તંત્ર દ્વારા ઉચ્ચ અધિકારીના પત્નિને ઘરે ઈન્જેકશનની "સેવા"

## સિવિલની એમ્બ્યુલન્સ વાન તેમજ નર્સિંગ સ્ટાફ દિવસમાં ત્રણવાર સેવામાં વ્યસત રહે છે

ગાંધીનગર, તા.૨

રાજયના પાટનગરની સિવિલ વીવીઆઈપી સેવામાં વ્યસત રહે છે. સામાન્ય દર્દીઓની હાલત કફોડી બની જાય છે.ત્યારે આરોગ્ય વિભાગના એક ઉચ્ચ હોદા પર બિરાજમાન અધિકારીના ઘરે જઈ તેમના પત્નિને દિવસમાં ત્રણ વાર ઈન્જેકશ "સેવા" સિવિલ તંત્ર દ્વારા પુરી પાડવામાં આવે છે. સિવિલમાં એક તરફ સ્ટાફની ઘટ હોવાની બુમરાડ ઉઠવા પામે છે તો બીજી તરફ વીવીઆઈ સેવામાં સ્ટાફને પણ મને કમને જવાનો વારો આવે છે.



પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગના આવે છે. સામાન્ય દર્દીઓને તંત્ર દ્વારા વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે. જયારે મેડીકલ કોલેજ બનવાથી ડોક્ટર્સ તેમજ અન્ય સુવિધાઓ અને વ્યવસ્થા વધી જવા પામી છે. તાવથી માંડીને કીડનીના રોગની સારવાર સિવિલમાં થાય છે. હજુ વધુ સેવા આગામી સમયમાં પણ દર્દીઓને મળવાની છે. ત્યારે સિવિલના સત્તાધિશો હજુ સુધી સચિવાલયના આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની સેવા કરવાનું ભુલ્યા નથી. ત્યારે સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર સિવિલના સત્તાધિશો દ્વારા આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીના પત્નિને દિવસમાં ત્રણવાર ઈન્જેકશન લેવાના હોય છે. આ ઈન્જેકશન તો ખુદ અધિકારી પણ સરળતાથી આપી શકે છે અને તેમના પત્નિ પણ જાતે ઈન્જેકશન લઈ શકે છે. તેમ છતા સિવિલમાંથી દિવસમાં ત્રણ-ત્રણ વાર સ્ટાફને ઈન્જેકશન આપવા માટે જવું પડે છે. આ ઈન્જેકશન આપવા માટે એમ્બ્યુલન્સ, ડ્રાઈવર, નર્સિંગ સ્ટાફ સહિતના કર્મચારીઓ રોકાઈ રહે છે. ત્યારે સિવિલ તંત્રના આદેશ થતા સ્ટાફના કર્મચારીઓને પણ મને ક મને જવાની ફરજ પડે છે. ત્યારે દિવસમાં ત્રણવાર સ્ટાફ ઈન્જેકશન આપવા જતા દર્દીઓને પારાવાર હાલાકી વેઠવી પડે છે.

# ગાંધીનગર શહેર આસપાસ ગ્રામ્ય વિસ્તારમાં દિવસની ઘરફોડ પણ શરુ

## પેથાપુર સ્થિત શુભમ સોસાયટીમાં અને ભાટ ગામમાં ધોળે દિવસે ઘરફોડ ચોરી થતા ચકચાર

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં રાત્રી દરમિયાન ઘરફોડ ચોરી કરતી ગેંગનો આતંક હજુ યથાવત છે ત્યારે પોલિસનો ઘરફોડ ચોરી કરતી ગેંગને ડર જ ન હોય તેમ હવે દિવસ દરમિયાન પણ ઘરફોડ ચોરી કરતા થઈ ગયા છે. તાજેતરમાં ગાંધીનગર શહેર આસપાસના ગ્રામ્ય વિસ્તારો પૈકી પેથાપુર અને ભાટ બે જગ્યાઓ ઉપર ધોળે દિવસો ઘરફોડ ચોરીઓની ઘટના બની હોવાનું પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે.

પેથાપુર ખાતે આવેલી શુભમ સોસાયટીમાં મકાન નં. ૧૬ ખાતે રહેતા અને ગામમાં જ એક દુકાનમાં દરજીકામ કરતા ગેવરચંદ બાલાજી દરજી ૨૯ જાન્યુઆરીએ ઘરને તાળુ મારીને દુકાને ગયા હતા. સાંજે સાતેક વાગ્યે ઘરે આવ્યા ત્યારે ખબર પડી કે તેમના બંધ મકાનને ટાર્ગેટ કરી દિવસ દરમિયાન કોઈ પણ સમયે તસ્કરોએ હાથફેરો કરી લીધો હતો. દિવસ દરમિયાનમાં ત્રાટકેલા તસ્કરો તેમના બંધ મકાનની પાછળની દિવાલની બારીના સળિયા તોડી અંદર ઘુસીને તિજોરી ફેંદી નાંખી હતી તિજોરીમાંથી ૧૨ તોલા વજનના સોનાના દાગીના (કિં. રૂ. ૧,૮૭,૫૦૦), ૧૨૦ તોલા ચાંદીના દાગીના (કિં રૂ. ૨૭હજાર) અને રોકડ રૂ. ૯૭ હજાર મળી કુલ રૂ. ૨,૭૧,૫૦૦ની મત્તા ઉઠાવી તસ્કરો રફ્ફુચક્કર થઈ ગયા હતા. ગેવરચંદની ફરિયાદને આધારે પેથાપુર પોલિસે દિવસની ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

## ભાટ ખાતે એક બંગલામાં ધોળે દિવસે પોણા બે કલાકમાં ઘરફોડ

અડાલજ નજીક ભાટ ગામની સીમમાં આવેલા નારાયણ બંગ્લોઝમાં ૧૧ નંબરના બંગલો ખાતે આજે ધોળે દિવસે માત્ર પોણા બે કલાકના સમયગાળામાં ઘરફોડ ચોરી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. જો કે ત્રણ ત્રણ ઘરઘાટીઓ જે બંગ્લોમાં કામ કરે છે તે બંગ્લોમાં એક ઘરઘાટી બંગલો બંધ કરીને નીકળી અને બીજી આવી ત્યાં સુધીમાં તાળુ તોડયા વગર થયેલી ઘરોડમાં કોઈ જાણભેદુનો હાથ હોવાની આશંકા છે.

પ્રાપ્ત વિગતોનુસાર ભાટ પાસે આવેલા નારાયણ બંગ્લોઝમાં રહેતા હેમંતભાઈ ટેકવાણીને ટંકશાળા પાસે કટલરીનો વ્યવસાય છે. તેમના બંગલે ત્રણ જેટલા ઘરઘાટી કામ કરે છે. બેબી સીટર, કપડા ધોવા અને ઘરકામ કરવા અળગ અલગ ઘરઘાટી છે. બંગલાને તાળુ માર્યું હોય ત્યારે ચાવી ચોકકસ જગ્યાએ મુકીને બંગ્લા માલિક જતા જેથી અન્ય ઘરઘાટી ચાવી લઈને બંગલો ખોલી કામ કરી શકે...! આજે બપોરે ૧૨ વાગ્યે બેબી સીટર બંગલો બંધ કરીને નીકળ્યા અને પોણા બે વાગ્યે કપડા ધોવા આવતી ઘરઘાટી આવી ત્યાં સુધીમાં તેમના બંગલામાં ચોરી થઈ ગઈ હતી. પોણા બે વાગ્યે આવલી ઘરઘાટીએ દરવાજો ખખડાવ્યો પરંતુ અંદરથી બંધ હતો. મકાન માલિક ઘરમાં હશે તેવું માનીને ઘરઘાટીએ ફોન કર્યો તો ખબર પડી કે તે પણ ઘરે ન હતાં. ઘરે આવીને તપાસ કરી તો કોઈ અંદરથી સોનાના દાગીના અને રૂ. ૬૦ હજાર રોકડા ચોરી કરી અંદરથી સ્ટોપર લગાવી પાછળના રસ્તેથી નીકળી ગયેલા હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે અડાલજ પોલિસને જાણ થતા સ્થળ પર પોલિસનો કાફલો દોડી આવ્યો હતો. મોડી સાંજ સુધી આ મામલે પોલિસ ફરિયાદ નોંધાવા પામી ન હતી. જો કે તાળુ તોડયા વગર થયેલી આ ઘરફોડ પ્રકરણમાં કોઈ જાણભેદુનો હાથ હોવાની શંકાને આધારે પોલિસે તપાસ શરુ કરી છે.

**એક ઘરઘાટીએ બંગલાને તાળુ માર્યું ને બીજી ઘરઘાટી આવી ત્યાં સુધીમાં તાળુ તોડયા વગર થયેલી ઘરફોડમાં જાણભેદુ હોવાની આશંકા**

## રોહિત સમાજનો દ્વિતિય જીવનસાથી પસંદગી મેળો તા. ૪થી માર્ચે યોજાશે

ગાંધીનગર, તા.૨

ઓમ ચેરિટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાત રોહિત સમાજનો દ્વિતિય જીવનસાથી પસંદગી મેળો તા. ૪થી માર્ચના રોજ યોજાનાર છે.

લગ્નોત્સુક યુવક યુવતીઓએ તા. ૧૦મી ફેબ્રુઆરી સુધીમાં જગદીશભાઈ પ્રિયદર્શી બ્લોક નં. ૭૬/૫, જ ટાઈપ, સેકટર-૬ મો. ૯૬૦૧૫૧૬૪૨૯, ૮૩૨૦૭ ૧૯૭૧૬ પર સંપર્ક સાધવા જણાવેલ છે.

## સાઈ ખાતે રાજયકક્ષાની પેરા-એથ્લેટીકસ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨

પેરા સ્પોર્ટસ એસોસીએશન ઓફ ગુજરાત દ્વારા ૪થી ફેબ્રુઆરીને રવિવારના રોજ સવારે ૯ કલાકે સેકટર-૧૫માં સાઈ ખાતે રાજયકક્ષાની પેરા-એથ્લેટીકસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

સાઈ ખાતે યોજાનારી આ ૪૦મી પેરાલિમ્પિક સ્પર્ધામાં રાજયના તમામ જિલ્લાઓમાંથી આશરે ૪૦ ઉપરાંત વિકલાંગ રમતવીરો ભાગ લેશે. સદરહુ ખેલાડીઓ પોતાની જિલ્લા સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને રાજય સ્પર્ધામાં ભાગ લઈ શકશે. રવિવારે સવારે ૯ કલાકે શરૂ થનારી આ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ રમતવીરોને સાંજે ૪ કલાકે ઈનામ આપવામાં આવશે.

# છાશના ભાવ ઘટાડાથી અજાણ ગ્રાહકો

## અગાઉ રૂ. ૧૧માં મળતી છાશની થેલી એમઆરપી રૂ. ૧૦ થઈ ગઈ ભાવ ઘટાડાથી અજાણ ગ્રાહકો પાસેથી જુનો ભાવ વસુલતા વેપારીઓ

ગાંધીનગર, તા.૨

દહીં-દૂધ-છાશ એ મધ્યમ વર્ગ માટે રોજીંદી જરૂરિયાતોની ચીજવસ્તુઓ છે. અને તેના ભાવમાં થતી વધઘટની તેમના માસિક બજેટ પર અસર પડે છે. તાજેતરમાં અમૂલ દ્વારા છાશની થેલીની કિંમતમાં રૂ. ૧નો ઘટાડો કરવામાં આવ્યો છે પરંતુ આ ભાવ ઘટાડાની ગ્રાહકોને જાણ ના હોવાથી ખાનગી વિતરકો દ્વારા અગાઉની કિંમત જ વસુલાય છે. છાશની થેલીની કિંમત જે રૂ. ૧૧ હતી તે હવે રૂ. ૧૦ થઈ ગઈ છે તેની જોઈએ તેવી જાહેરાત થઈ ના હોવાથી ગ્રાહકો એમઆરપી પર નજર કર્યા વિના જ રૂટિન મુજબ રૂ. ૧૧ ચુકવે છે ત્યારે મોટાભાગના વેપારીઓ દ્વારા રૂ. ૧ પરત કરવામાં આવતો નથી. જે ગ્રાહકને આ બાબતની જાણ છે તેઓ જ રૂ. ૧૦ ચુકવે છે.

ઉનાળાની સીઝનનો પ્રારંભ થવાની અસર વાતાવરણમાં દેખાઈ રહી છે અને આ સીઝનમાં 'ગરીબનું અમૃત' ગણાતી છાશનો ઉપાડ વધુ રહે છે. આ સંજોગોમાં છાશની થેલીની એમઆરપીમાં રૂ.૧ નો ઘટાડો થવા પમ્યો છે જે ગરીબ અને મધ્યમ વર્ગ માટે ફાયદાકારક છે. અગાઉ છાશની થેલીની એમઆરપી રૂ. ૧૧ હતી તે હવે રૂ.૧૦ થવા પામી છે પરંતુ મોટાભાગના ગ્રાહકોને આ બાબતની જાણ થવા પામી નથી. ઘટેલી એમઆરપીથી અજાણ ગ્રાહકો પાસેથી ખાનગી વિતરકો પણ અગાઉની એમઆરપી વસુલી રહ્યા છે. આમ ભોળા ગ્રાહકો જાણકારીને અભાવે છેતરાઈ રહ્યા છે. જો ગ્રાહક એમઆરપી જુએ અને વેપારીને સવાલ કરે તો તેના નવી એમઆરપી મુજબ પૈસા લેવાય નહીં તો ગ્રાહકનો ૧ રૂપિયો મફતમાં સેરવી લેવાય છે. ભાવ વધારો થાય તો તાત્કાલિક અમલમાં મુકતા વેપારીઓ ભાવ ઘટાડા સમયે તેમની ફરજ ચુકી ગયા છે.

## ૪થી ફેબ્રુઆરીએ શહેરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર ખાતે ચાર વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ પરિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે જે અંતર્ગત ચાલુ માસની તા. ૪થી ફેબ્રુઆરીના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ સુધી ઘ-૪ સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.પુસ્તક પરબનો લાભ લેવા કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાંત ગર્ગ વગેરે સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

## આજે શહેરમાં બજેટ પર પ્રવચન

ગાંધીનગર, તા.૨

શહેરમાં આજે સેકટર-૧૭ ખાતે આવેલા સ્ટાફ ટ્રેનિંગ હોલમાં સાંજે ૬ કલાકે બજેટ ૨૦૧૮ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સેમિનારમાં સી.એ. બ્રિજેશ ઠાકર દ્વારા બજેટને લગતા પ્રશ્નો પર વકતવ્ય આપવામાં આવશે. બ્રિજેશ ઠાકર નેશનલ જીએસટી ટ્રેનર, કર નિષ્ણાંત તથા જીએસટી પુસ્તકના લેખક છે.

આ સેમિનારમાં બજેટ પછી આવકવેરાને કેવી રીતે ઘટાડી શકાય, આગામી ૩ થી ૫ વર્ષમાં જીએસટીની વ્યાપાર-ધંધામાં કેવી અસર આવશે, બિટકોઈન જેવી ક્રિપ્ટો કરન્સીમાં ઈન્વેસ્ટ કરવું કેટલું હિતાવહ જેવા પ્રશ્નોના જવાબો આપવામાં આવશે. આ ઉપરાંત શેર માર્કેટના વ્યવહારો પર કરની અસર અને વેલ્થ ક્રિએશન, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૬ દરમિયાન જમા કરાવેલી જૂની ચલણી નોટની ટેકસ પર પડનારી અસર તથા આધાર નંબરને બેંક ખાતા અને અન્ય ઈન્વેસ્ટમેન્ટ સાથે લિંક કરવાથી શું થશે તેની માહિતી આપવામાં આવશે. સેમિનારમાં વકતા કાળા નાણાં સામે લડવાની સરકારની યોજના વિશે પણ જણાવશે. સેમિનારમાં ભાગ લેવા માટે કંદર્પ ઝાને ફોન નં. ૯૮૨૪૦૫૪૩૭ ઉપર સપંર્ક કરી શકાશે.

## ચિરવિદાય

● સ્વ. રણછોડભાઈ ત્રિકમભાઈ શ્રીમાળી, ઉ.વ. ૭૩